

મહેસાણા શહેરમાં મુસ્લિમ સમાજ દ્વારા તાજેતરમાં સુરતની બુટલેગર સોનુ ડાંગરે કરેલ ઈસ્લામ ધર્મના પયગંબર સાહેબના વિરુધ્ધમાં અપમાનજન શબ્દો ઉચ્ચારતાં વિશાળ રેલી કાઢી કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું.

# એએપી દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા શરૂ કરાઈ

## આપ દ્વારા ૧૩ પાનાનું ઉમેદવારીપત્ર જાહેર થયું : બીજી ઓકટોબરે ગાંધીજયંતિના દિવસે અમદાવાદમાં રોડ શો

અમદાવાદ,તા. ૧૫

ગુજરાત વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીઓ લડવાની જાહેરાત કર્યા બાદ આમ આદમી પાર્ટી દ્વારા ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા આજથી શરૂ કરવામાં આવી હતી. જેમાં આપ દ્વારા ઉમેદવાર બનવા ઈચ્છુક લોકો માટેના ફોર્મ અને તેની જરૂરી પ્રક્રિયાની જાહેરાત કરાઇ હતી. પાર્ટી તરફથી ૧૩ પાનાનું ખાસ ઉમેદવારી ફોર્મ જાહેર કરાયું હતું.

આ સાથે જ આમ આદમી પાર્ટી તા.૨જી ઓકટોબરે ગાંધીજયંતિના દિવસથી અમદાવાદ શહેરમાં રોડ શો યોજી તેના ચૂંટણી પ્રચારની વિધિવત્ શરૂઆત કરશે એમ અત્રે આમ આદમી પાર્ટીની ઈલેકશન કમીટીના પ્રમુખ કિશોર દેસાઈએ જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતના રાજકારણને સ્વચ્છ અને ભ્રષ્ટાચાર મુકત બનાવવા ઈચ્છતા દરેક નાગરિકો પાસે હવે સાચા અર્થમાં આપનો વિકલ્પ છે અને તેથી આ લડાઈમાં ઉમેદવાર બની મહત્વપૂર્ણ ભાગ ભજવવા ઈચ્છતા દરેક સામાન્ય નાગરિકને પણ આમ આદમી પાર્ટીમાં આવકાર છે.

ઉમેદવારી ફોર્મ જાહેર કરતાં તેમણે ઉમેર્યું કે, ઉમેદવારી કરી રહેલા દરેક ઉમેદવારે પોતાનો ઈતિહાસ, ક્રિમીનલ રેકર્ડ, સામાજિક યોગદાન, રાજકીય અનુભવ સહિતની વિગતો ફોર્મમાં આપવાની રહેશે. સાથે સાથે ઉમેદવારી કરી રહેલા દરેક વ્યકિતએ સોંગદનામા પર હસ્તાક્ષર કરવા પડશે કે, તેને પાર્ટીના સ્વરાજ તથા જનલોકપાલના સિધ્ધાંતમાં વિશ્વાસ છે અને જો તે ચૂંટાશે તો, તેનું અમલીકરણ કરવા તમામ પ્રયાસો કરશે. તે પોતે કોઈપણ પ્રકારની વીવીઆઈપી સગવડો લીધા વિના સાચા અર્થમાં જનસેવાનું કાર્ય કરશે. કિશોર દેસાઈએ સ્પષ્ટ કર્યું હતું કે, ગુજરાતનો કોઈપણ નાગરિક આ ફોર્મ ભરી શકે છે.

ફોર્મ ભર્યા બાદ તેણે પાર્ટીના અમદાવાદ સ્થિત મુખ્ય કાર્યાલય પર તે મોકલવાનું રહેશે. પાર્ટીના ગુજરાતના પ્રભારી અને દલ્હીના કેબીનેટ મીનીસ્ટર ગોપાલ રાય તા.૧૬ અને ૧૭ સપ્ટેમ્બર દરમ્યાન ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે, જેમાં ઉમેદવારોની પસંદગીની કવાયત હાથ ધરાશે. ચૂંટણી પ્રચારના ભાગરૂપે તા. ૨જી ઓકટોબરે શહેરમાં આપના રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે. જેની શરૂઆત નાના ચિલોડા સર્કલ, નરોડા પાસેથી બપોરે એક વાગ્યે થશે અનએ ૨૨ કિ.મી જેટલું અંતર કાપ્યા બાદ ગાંધી આશ્રમ ખાતે તેની પૂર્ણાહુતિ થશે.

## ધનસુરામાં વીજળીના ધાંધિયા

ધનસુરા, તા. ૧૫

ધનસુરામાં છેલ્લા કેટલાય સમયથી વીજળીના ધાંધિયાથી પ્રજા તંગ આવી ગઈ છે. એક પણ દિવસ વીજ પ્રવાહ ૨૪ કલાક રહ્યો હોય તેવુ બન્યુ નથી. જીઈબી બોર્ડમાં ટેલિફોનથી સંપર્ક કરતાં કોઈ જવાબ મળતો નથી. કલાકો સુધી લાઈટ બંધ રહેતાં ધંધા રોજગારને માઠી અસર થઈ રહી છે. બેન્કોનો વહેવાર અટકી જાય છે. ૧૨મી તારીખે ૧૨ કલાકમાં ૯ કલાક લાઈટ બંધ રહેતાં લોકો પરેશાન થઈ ગયા હતા. વરસાદ અને અસહ્ય ઉકળાટથી લોકો ત્રસ્ત થઈ રહ્યા હતા. ધનસુરા વિદ્યુત બોર્ડની બેદરકારી જોતાં ધનસુરા ગ્રામ પંચાયતના સરપંચ યશવંત પટેલ, ડે. સરપંચ કાન્તિભાઈ પટેલ, ગોપાલ ઠેકડી, અતુલ બ્રહ્મભટ્ટ અને મોન્ટુ દ્વારા બોર્ડની ઓફિસે જઈ ઉગ્ર રજુઆત કરી હતી અને ચેતવણી આપી હતી કે જો વહિવટ બરોબર નહિ ચલાવવામાં આવે તો આંદોલન કરવામાં આવશે.

## મલાણા ગામની પરિણીતાનો આપઘાત

પાલનપુર તાલુકાના મલાણા ગામની ૨૪ વર્ષીય પરિણીતાએ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે. પાલનપુર તાલુકાના મલાણા ગામની પરિણીતા સંજના ઉર્ફે દુર્ગા સતીશભાઈ શ્રીમાળીએ ગતરોજ ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. જેની જાણ થતા પોલીસે પરિણીતાના મૃતદેહ ને પી.એમ.અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

જોકે, પરિણીતાના મોતને લઈને પાલનપુર સિવિલમાં પિયર પક્ષના લોકો દોડી આવ્યા હતા. જેઓએ પોતાની દીકરીની હત્યા કરાઈ હોવાના આક્ષેપો સાથે ન્યાયની ગુહાર લગાવી હતી.

# પ્રજાને પીવાનું પાણી જોઈએ છે, બિનજરૂરી તાયફા નહી

## ભરતસિંહ સોલંકીએ ભાજપને આડા હાથે લીધુ : નર્મદા યોજના પૂરી નથી થઇ છતાં તેને પૂર્ણ ગણાવી ભાજપ કરોડોના તાયફા-ઉજવણી કેવી રીતે કરી શકે? : સોલંકી

અમદાવાદ,તા. ૧૫

નર્મદા યોજનાના મુદ્દે આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ પણ ભાજપને આડા હાથે લીધું હતું અને આકરા પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતની પ્રજાને પીવાનું અને ખેડૂતોને સિંચાઈનું પાણી જોઈએ છે, કરોડો રૂપિયાના ખર્ચે થઇ રહેલા વાહિયાત તાયફાઓ નહી. પ્રજાને નર્મદાના પાણીમાં રસ છે, ભાજપના તાયફાઓમાં નહી. જે નર્મદા યોજના હજુ પૂરી જ થઈ નથી તેમછતાં તેને પૂર્ણ ગણાવી ભાજપ કરોડો રૂપિયાના તાયફા અને ઉજવણી કેવી રીતે કરી શકે? એવો વેધક સવાલ ઉઠાવી ભરતસિંહે જાહેર અનુરોધ કર્યો હતો કે, માં નર્મદાના નામનો વોટબેંક માટે ઉપયોગ કરનારી ભાજપને આગામી વિધાનસભાની ચૂંટણીમાં ગુજરાતની જનતા જવાબ આપે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, એકબાજુ ગુજરાતની જનતાને નર્મદાનું પીવાનું પાણી મળતું નથી અને ખેડૂતો નર્મદાના સિંચાઈના પાણીથી વંચિત હોઈ તરસી રહ્યા છે ત્યારે ભાજપ ચૂંટણી ટાણે મતોની



લાલચમાં લોકમાતા નર્મદા માતાના નામને વટાવી રહી છે. એટલું જ નહી પ્રજાના પૈસે ભાજપ પોતાના પ્રચાર માટે કરોડો રૂપિયાના તાયફાઓ યોજી ગુજરાતની ભોળી જનતાને ગેરમાર્ગે દોરી રહી છે. વાસ્તવમાં નર્મદા યોજનામાં ૪૩ હજાર કિ.મીની કેનાલનું કામ હજુ પણ બાકી બોલે છે છતાંય ભાજપ યોજના પૂર્ણ થઈ ગઈ હોવાનું જુઠ્ઠાણું ચલાવી રહી છે. ગુજરાતની ૧૯ લાખ હેકટર જમીનમાં પિયત(સિંચાઈ)નું પાણી પહોંચાડવાનું હતું, તેના બદલે માંડ ૨૦ટકા જ સિંચાઈનું પાણી પહોંચી રહ્યું છે જે ભાજપની ગુનાહિત બેદરકારી છતી કરે છે. હકીકતમાં, ગુજરાતના ખેડૂતો ભાજપથી નારાજ હોવાથી તેમનો રોષ ખાળવા ભાજપ નર્મદા રથના ચૂંટણીલક્ષી નાટકો ચલાવી રહી છે. ભરતસિંહ સોલંકીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહાર કરતાં જણાવ્યું કે, ૨૦૦૨થી મોદી શાસનમાં હતા છતાં અત્યારસુધી આટલા વર્ષોમાં નર્મદા ડેમની ઉંચાઇ માત્ર ૩૩ મીટર જ વધારી શકયા. નર્મદા યોજનાના મહત્વના કામો અને તબક્કાઓ કોંગ્રેસના શાસનમાં થયા છે. એકબાજુ ગુજરાતની પ્રજા અને ખેડૂતો નર્મદાના પાણી વિના ટટળી રહ્યા છે અને બીજીબાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ સરકાર ચૂંટણીલક્ષી વોટબેંકના રાજકારણમાં પ્રજાના પૈસે કરોડો રૂપિયાના તાયફાઓ યોજી રહ્યા છે. ભાજપ સરકારે તેમના માનીતા ઉદ્યોગપતિઓ માટે નર્મદા યોજના સાથે ચેડા કરી વીજળી-પાણી પહોંચાડયા જયારે તેના સાચા હકદાર એવા ખેડૂતો અને પ્રજજાનો વીજળી-પાણી વિના તરસી રહ્યા છે.

# વડાપ્રધાનના જન્મદિનની પૂર્વ સંધ્યાએ ૯૦૦ દિવ્યાંગ બાળકોને દત્તક લેવાશે

ગાંધીનગર, તા.૧૫

સુરતની મજુરા વિધાનસભાના યુવા ધારાસભ્ય તથા ભાજપના યુવા મોરચાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ હર્ષ સંઘવી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિનની પૂર્વ સંધ્યાએ ૯૦૦ જેટલા દિવ્યાંગ બાળકોને દત્તક લેશે. આ કાર્યક્રમને લંડનની બુક ઓફ રેકોર્ડ દ્વારા સેવાકીય ક્ષેત્રે વિક્રમ નોંધી તેના ગુજરાત પ્રમુખ અશ્વિન ત્રિવેદી તથા કો-ઓર્ડિનેટર દિવ્ય ત્રિવેદીના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરાશે. આ કાર્યક્રમમાં જાણીતા ગાયક કૈલાશ ખેર લાઈવ પરફોર્મન્સ આપશે. ગુજરાતના યુવા ધારાસભ્ય દ્વારા વડાપ્રધાનના જન્મદિનની પૂર્વ સંધ્યાએ અનોખું સેવાકીય ઉદાહરણ પ્રસ્તુત કરવામાં આવનાર છે. આ પ્રસંગે હર્ષ સંઘવી ૯૦૦ જેટલા દિવ્યાંગ બાળકોને દત્તક લઈ તેમની જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ પુરી પાડવાની જવાબદારી ઉપાડશે. આ કાર્યક્રમમાં સુરતના તમામ સમાજ સેવકો તથા જનમેદની ઉપસ્થિત રહી કાર્યક્રમની સાક્ષી પુરશે. કાર્યક્રમમાં ભારતના સુપ્રસિધ્ધ સુફી ગાયક કૈલાશ ખેર તેમના કૈલાશ બેન્ડ સાથે લાઈવ પરફોર્મન્સ આપશે. આ કાર્યક્રમને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં નોંધવામાં આવશે. અને તેના ગાંધીનગર સ્થિત ગુજરાત પ્રમુખ અશ્વિન ત્રિવેદી તથા કોઓર્ડિનેટર દિવ્ય ત્રિવેદી હર્ષ સંઘવીને સેવાકાર્ય ક્ષેત્રે બિરદાવતું પ્રમાણપત્ર એનાયત કરશે. વડાપ્રધાનના જન્મદિન નિમિત્તે હર્ષ સંઘવીની અનોખી પ્રેરણાત્મક ભેટ થકી શુભેચ્છાઓ પાઠવશે.

## કંપની સમાચાર

### એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડનો આઈપો ૨૦ સપ્ટેમ્બરે ખુલશે, ૨૨ સપ્ટેમ્બરે બંધ થશે

એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ ("કંપની" અથવા "ઈશ્યુઅર")એ રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતાં (‘‘ઈક્વિટી શેર’’) ૧૨૦,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેર સુધીનો આઈપીઓ ૨૦ સપ્ટેમ્બર, ૨૦૧૭ને બુધવારે લાવવાની દરખાસ્ત રજૂ કરી છે, જેમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (‘‘સ્ટેટ બેંક’’ અથવા ‘‘પ્રમોટર વિક્રેતા શેરધારક’’) દ્વારા ૮૦,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેરનાં વેચાણની ઓફર અને બીએનપી પારિબા કાર્ડિફ એસ. એ. (‘‘રોકાણકાર વિક્રેતા શેરધારક’’ અને પ્રમોટર વિક્રેતા શેરધારક સાથે સંયુક્તપણે ‘‘વિક્રેતા શેરધારકો’’) દ્વારા ૪૦,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેર સામેલ છે (‘‘ઓફર’’), જેમાં ઈક્વિટી શેરદીઠ ડિસ્કાઉન્ટેડ રૂ. ૬૮ની કિંમતે લાયક કર્મચારીઓ (મુંબઈમાં ૧૨ સપ્ટેમ્બર, ૨૦૧૭નાં રોજ રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ સમક્ષ કંપની દ્વારા ૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૭નાં રોજ રજિસ્ટર્ડ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સનાં પાનાં નંબર ૫ પર આપેલી ‘‘પરિભાષાઓ અને શબ્દાવલી’’ મુજબ) દ્વારા ખરીદી માટે ૨,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેર સુધીનું રિઝર્વેશન સામેલ છે તેમજ સ્ટેટ બેંકનાં શેરધારકો દ્વારા ખરીદી માટે ૧૨,૦૦૦,૦૦૦ ઈક્વિટી શેર સુધીનું રિઝર્વેશન સામેલ છે. ઓફર પોસ્ટ-ઓફ પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીનો ૧૨ ટકા હિસ્સો અને ચોખ્ખી ઓફર પોસ્ટ-ઓફર પેઈડ-અપ ઈક્વિટી શેર મૂડીનો ૧૦.૬૦ ટકા હિસ્સો ધરાવશે.

### મધ્યપ્રદેશ ટુડે મિડિયા લિ. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૭ના આઈપીઓ ખોલશે

મધ્યપ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, દિલ્હી અને ઉત્તરપ્રદેશમાં લગભગ ૨૦ લાખ નકલોની ખપત અને ૧૩ આવૃત્તિ સાથે અગ્રણી દૈનિક અખબાર બ્રાન્ડ્સમાંથી એક મધ્યપ્રદેશ ટુડે મિડિયા લિ.એ ૧૯ સપ્ટેમ્બર, ૨૦૧૭ના રોજ તેનો ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ (આઈપીઓ) ખોલશે. કંપનીનો આઈપીઓ એકત્રિત રૂ. ૧૪૧૬.૬૯ લાખના ઈક્વિટી શેર દીઠ રૂ. ૬૬ની કિંમતે રોકડ માટે ફુલ્લી પેઈડ અપ પ્રત્યેકી રૂ. ૧૦ના ફેસ વેલ્યુના ૨૧,૪૬,૫૦૦ ઈક્વિટી શેરોનો છે. આમેં ઈશ્યુ પશ્ચાત ઈક્વિટી શેરમૂડીના ૪૭.૦૧ ટકાનો સમાવેશ રહેશે. શેરો એનએસઈ ઈમર્જ મંચ પર લિસ્ટેડ થશે અને આઈપીઓ ૨૧, સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ બંધ થશે. માર્ક કોર્પોરેટ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ ઈશ્યુની એકમાત્ર લીડ મેનેજર છે. ઈશ્યુની પ્રાપ્તિઓ મધ્ય પ્રદેશ અને છત્તીસગઢનાં વિવિધ શહેરોમાં તેનાં એકમ કાર્યાલયોને અપગ્રેડ કરીને વેપારનું વિસ્તરણ કરવા, કાર્યશીલ મૂડીની આવશ્યકતાઓ, સામાન્ય કોર્પોરેટ ખર્ચ અને ઈશ્યુના ખર્ચ માટે ઉપયોગ કરાશે.

### સીબીઆઈ તપાસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સીબીઆઈ પાસેથી કરાવવાની માંગ કરી રહ્યા હતા. તેમણે આના માટે સુપ્રીમ કોર્ટમાં અરજી પણ દાખલ કરી હતી. આ અગાઉ હરિયાણા સરકાર તરફથી કહેવામાં આવ્યું હતું કે, જો પ્રદ્યુમનના માતા-પિતા પોલીસની તપાસથી સંતુષ્ટ નહીં થાય તો કોઈપણ તપાસ એજન્સી મારફતે તપાસ કરાવવામાં આવશે. ભોંડસીના સોહના રોડ ખાતે આવેલી રાયન સ્કૂલમાં બીજા ધોરણમાં અભ્યાસ કરતો પ્રદ્યુમન મૃતહાલતમાં ળી આવ્યો હતો. ૮મી સપ્ટેમ્બરના દિવસે વોશરુમની અંદર તે લોહીના ખાબોચિયામાં મૃત હાલતમાં મળી આવ્યો હતો. રાજ્ય સરકાર સ્કૂલની બાબતોના મેનેજમેન્ટને હવે ટેકઓવર કરી રહી છે. માતા-પિતા સાથે બેઠક યોજ્યા બાદ ખટ્ટરે કહ્યું હતું કે, પોલીસ ખુબ સારી કામગીરી તપાસમાં કરી રહી છે પરંતુ હત્યા પાછળના ખતરનાક ઈરાદાને ધ્યાનમાં લઈને અમે આ મામલામાં તપાસ સીબીઆઈને સોંપી દેવાનો નિર્ણય કર્યો છે. પોલીસે સ્કૂલની બસ પૈકીની એક બસના કન્ડક્ટર અશોક કુમારની ધરપકડ કરી લીધી છે. તે આ કેસમાં મુખ્ય શકમંદ છે. પોલીસના કહેવા મુજ પુછપરછ દરમિયાન અશોકકુમારે ગુનાની કબૂલાત પણ કરી લીધી છે.

### વરસાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાથે નવરાત મહોત્સવના આયોજકો પણ ચિંતામાં મુકાઈ ગયા હતા. ભારે વરસાદી ઝાપટાના લીધે નગરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ. પીક અવર્સ દરમિયાન જ વરસાદની ઈનિંગ્સ શરૂ થતા કર્મચારીઓએ હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો. સાંજના સમયે શાકમાર્કેટમાં પણ ભીડ હતી ત્યારે વરસાદના લીધે મુલાકાતીઓએ ભીંજારાની મજા લીધી હતી. નવરાત પુર્વેના નજીકના દિવસોમાં આકાશી નઝારો બદલાતા આયોજકો તેમજ ગરબા પ્રેમીઓમાં પણ ચિંતાના વાદળો ઘેરાયા છે. જો કે હવામાન તજજ્ઞોના મતે હજુ પણ વરસાદ આવે તેવી સંભાવના છે. ત્યારે મોસમનો મિજાજ જોતા નવરાતમાં પણ ગમે ત્યારે વરસાદ આવે તેવી શક્યતા નકરી શકાઈ તેમ નથી.

### સ્વચ્છતા પખવાડિયા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શૌચક્રિયા મુકિતનો ધ્યેય રાખ્યો છે. ગુજરાત તેમાં અગ્રેસર રહી ૨૦૧૭માં જ આ લક્ષ્યાંક પૂર્ણ કરવા સંકલ્પબદ્ધ છે.

રાજ્યપાલશ્રી ઓ. પી. કોહલીએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ ‘મેરે સ્વપ્નો કા ભારત’ પુસ્તકમાં સ્વચ્છ ભારતના સ્વપ્નનો પણ ઉલ્લેખ કર્યો છે, તેવું કહી જણાવ્યું કે, સ્વચ્છ ભારતના સ્વપ્નને સાકાર કરવા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તા. ૨ ઓકટોબર, ૨૦૧૪થી સમગ્ર ભારતમાં સ્વચ્છ ભારત મિશનનો આરંભ કર્યો છે. સ્વચ્છ ભારતનું રાષ્ટ્રપિતાનું સ્વપ્ન પાંચ વર્ષમાં દેશવાસીઓ સાકાર કરી બતાવશે, તેવો દ્રઢ વિશ્વાસ પણ વડાપ્રધાનશ્રીએ વ્યક્ત કર્યો છે. તેમના વિશ્વાસને મૂર્તિમંત કરવા માટે સર્વે લોકોને આજથી આરંભ થતાં ‘સ્વચ્છતા એ જ સેવા’ ના પખવાડિયામાં ખંતથી લાગી જવા માટે ભારપૂર્વક અનુગ્રહ કર્યો હતો.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પ્રભારી મંત્રી શ્રીમતી ડૉ. નિર્મલાબેન વાધવાણી, ગાંધીનગરના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગુડાના ચેરમેન શ્રી આશિષભાઈ દવે, ડેપ્યુટી મેયર શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના અગ્રસચિવ શ્રી મુકેશ પુરી, ગુજરાત હાઉસિંગના અગ્ર સચિવ શ્રી સી. વી. સોમ, ગ્રામ વિકાસના અગ્ર સચિવ શ્રી મોના ખંધાર, જિલ્લા પ્રભારી સચિવ શ્રી સંજીવકુમાર, નગરપાલિકાઓના નિયામક શ્રી પ્રવિણા ડી. કે., ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી સતીશ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકા કમિશનર શ્રી ડી. એન. મોદી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવાંગ દેસાઈ, મહાનગરપાલિકાના કાર્પોરેટરશ્રીઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

### ભયજનક આવાસો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભયજનક મકાનો તોડવા માટે કામ હાથ ધરાયુ હતુ. જયારે સે-૭ અને સે-૧૩ ઉપરાંત સે-૧૬ માં પણ જોખમી આવાસોનો કડુસલો બોલાવી દેવાયો છે. જયારે તબક્કાવાર ભયજનક માલુમ પડતા મકાનો પણ તોડવામાં આવી રહયા છે. હાલ એકબાજુ કોર્પોરેટ લુક ધરાવતા સરકારી આવાસો બાંધવા માટે ટાવર કોલોની બાંધવાનુ કામ ચાલી રહયુ છે. જયારે સે-૭ માં નવા આવાસો બાંધવાની યોજના તૈયાર કરી દેવાયા બાદ રહીશોનો વસવાટ પણ શરૂ કરી દેવાયો છે. જયારે સે-૨૯ અને સે-૩૦ માં નવા મકાનો બાંધવાનુ કામ ચાલી રહયુ છે. જો કે આ મકાનો તૈયાર થતા હજુ સમય લાગે તેમ છે. ત્યારે બીજીતરફ ભયજનક મકાનો તોડવાનુ કામ ચાલુ છે. તંત્ર દ્વારા સે-૨૦ માં પણ અન્ય જોખમી આવાસો તોડવાનુ કામ હવે શરૂ કરાશે. જેમાં સેકટરમાં છ કક્ષાના જોખમી માલુમ પડેલા ૩૬ મકાનો તોડી નાંખવામાં આવશે. વધુમાં જ કક્ષાના વધુ ૩૬ મકાનો તોડવા માટે દરખાસ્ત કરવામાં આવશે. વધુમાં સેકટરમાં ખંડેર મકાનોનુ રીનોવેશન હાથ ધરવામાં આવશે. આવાસ મજબુતીકરણ અન્વયે પણ કામગીરી હાથ ધરવા માટે દરખાસ્ત કરાશે.

### હા, સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાના-મોટા જંગી ખર્ચાઓ થશે... એ આજે નહિ તો કાલે, મારી અને તમારી કમર તોડી નાંખશે..!! આ પક્ષ હોય કે પેલો પક્ષ હોય.... કોઈ શાહુકારના દિકરા નથી..!!’’

‘‘સાચી વાત છે..! તળિયે પહોંચેલી આપણી રાજનીતિથી હવે તો તંગ આવી ગયા છીએ..! આપણે જાગૃત બનવું જ પડશે..! બંધારણીય અધિકારોના ઉપયોગ કરવા જ પડશે..! ચોખ્ખે ચોખ્ખુ સુણાવી દેવું પડશે... અને રાજકારણીઓની શાન ઠેકાણે લાવવાની તક હવે આવી પહોંચી છે..!!’’

- નિમિત્ત માત્ર

### મિસાઈલ છોડી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ગયા મહિનામાં દ્વિપ નજીક દરિયામાં મિસાઈલો છોડવાની ઉત્તર કોરિયાએ ધમકી આપ્યા બાદ લશ્કરી કાર્યવાહી કરવા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી ઉચ્ચારી હતી પરંતુ આની ચિંતા વગર આજે ફરી એકવાર ઉત્તર કોરિયાએ બેલાસ્ટિક મિસાઈલ છોડી હતી. જાપાનના વડાપ્રધાન શિન્ઝો આબેનું કહેવું છે કે, ટોકિયો ક્યારે પણ ઉત્તર કોરિયાના આ પ્રકારના ખતરનાક અને ઉશ્કેરણીજનક કૃત્યોને ચલાવી લેશે નહીં. આનાથી વૈશ્વિક શાંતિ સામે ખતરો ઉભો થઈ રહ્યો છે. ભારતના પ્રવાસથી પરત ફરેલા શિન્ઝોએ કહ્યું હતું કે, જો ઉત્તર કોરિયા આજ દિશામાં આગળ વધશે તો તેનું ભવિષ્ય ઉજ્જવળ દેખાઈ રહ્યું નથી. સુરક્ષા પરિષદની તાકિદની બેઠક બોલાવવા આબેએ અપીલ કરી હતી અને કહ્યું હતું કે, દુનિયાને એક થવાનો સમય હવે આવી રહ્યો છે. યુએસ પેસિફિક કમાન્ડો મિસાઈલ પરીક્ષણને સમર્થન આપ્યું છે. દક્ષિણ કોરિયાના સંરક્ષણ મંત્રાલય મુજબ આ મિસાઈલ ૩૭૦૦ કિલોમીટરના અંતરને પાર કરીને ૭૭૦ કિલોમીટરની મહત્તમ ઉંચાઈ સુધી પહોંચી હતી અને ત્યારબાદ પ્રશાંત મહાસાગરમાં પડી હતી. બે સપ્તાહ પહેલા જ ઉત્તર કોરિયાએ મિસાઈલો જાપાન ઉપર છોડી હતી. જુલાઈ મહિનામાં ઉત્તર કોરિયાએ બે ઈન્ટરન્કોન્ટીનેન્ટલ બેલાસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. આ મહિનામાં જ ઉત્તર કોરિયાએ સૌથી શક્તિશાળી પરમાણુ પરીક્ષણ પણ કર્યું હતું. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે આ સપ્તાહમાં જ ઉત્તર કોરિયાના વધતા જતા મિસાઈલ પરીક્ષણ અને એટેમિક હથિયારોના કારણે તગદીલી વચ્ચે પ્રતિબંધો લાગી દીધા હતા. સંયુક્ત રાષ્ટ્ર પરિષદ દ્વારા ઉત્તર કોરિયા દ્વારા મિસાઈલ ટેસ્ટ કરવામાં આવ્યા બાદ આજે ફરી તાકીદની બેઠક બોલાવી છે. યુએસ પેસિફિક કમાન્ડ દ્વારા હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ઉત્તર કોરિયા દ્વારા મિસાઈલ ટેસ્ટ કરવામાં આવ્યુ છે. એક મધ્યમ ગતિની બેલાસ્ટિક મિસાઈલ પ્રશાંત મહાસાગરમાં ઉત્તર કોરિયાએ છોડી હોવાના હેવાલને અમેરિકાએ સમર્થન આપ્યુ છે.

### મેટ્રોમાં બ્લાસ્ટ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટેરિઝા મેએ તરત જ સ્થિતિની સમીક્ષા માટે લંડનમાં તરત જ એક ઈમરજન્સી મિટિંગ બોલાવી હતી. આ બ્લાસ્ટ દક્ષિણ લંડનના પાર્સન ગ્રીન સ્ટેશન ઉપર થયો હતો. સોશિયલ મિડિયા ઉપર આ બ્લાસ્ટના ફોટા પણ વાયરલ કરી દેવામાં આવ્યા છે. આ બોંબ બ્લાસ્ટ પ્લાસ્ટિકની ડોલ મારફતે કરવામાં આવ્યા હતા. બ્લાસ્ટના કારણે ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. સ્થાનિક સમય મુજબ સવારે ૮.૨૦ વાગ્યાની આસપાસ બ્લાસ્ટ કરવામાં આવ્યા હતા જેમાં મોટી સંખ્યામાં સ્કૂલી બાળકો મુસાફરી કરી રહ્યા હતા. પોલીસ કાઉન્ટર ટેરર વડા માર્ક રાઉલીનું કહેવું છે કે, ટ્યુબ ટ્રેનમાં આ બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. સ્ટેશનને બંધ કરી દેવામાં આવ્યા બાદ ડિસ્ટ્રીક્ટ લાઈનના સમગ્ર સેકશનને બંધ કરીને તપાસ હાથ ધરવામાં આવી હતી. સ્થળથી દૂરજતા રહેવા માટે તમામ યાત્રીઓને સૂચના આપવામાં આવી હતી. માર્ચ મહિના બાદથી બ્રિટનની અંદર વારંવાર ત્રાસવાદી હુમલા થયા છે. છેલ્લા છ મહિનામાં બ્રિટનમાં પાંચ વખત આતંકવાદી હુમલા કરવામાં આવી ચુક્યા છે. માર્ચ મહિનામાં એકમાત્ર હુમલાખોરે બ્રિટિશ સંસદની બહાર એક પોલીસ અધિકારી પર ચાકુથી હુમલો કર્યો હતો. સાથે સાથે ચાલતા જતા લોકોને ગાડીથી કચડી માર્યા હતા. શાંતિ જાળવી રાખવા માટે બ્રિટનના વિદેશ સચિવ બોરિસ જહોનસન દ્વારા અપીલ કરવામાં આવી છે. ઈજાગ્રસ્ત લોકોને તરત જ સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ભરચક લંડન અન્ડરગ્રાઉન્ડ ટ્રેનમાં આ બોંબ બ્લાસ્ટ કરવામાં આવ્યા બાદ ઘાયલ થયેલા લોકોની સંખ્યાને લઈને વિરોધાભાષી અહેવાલ મળી રહ્યા છે પરંતુ ૩૦નો આંકડો હાલમાં દર્શાવવામાં આવ્યો છે. તમામ લોકોને એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. મોતના સંદર્ભમાં હજુ સુધી કોઈ માહિતી મળી શકી નથી. ટ્રેન સર્વિસને તરત જ બંધ કરવામાં આવી હતી. એક યાત્રીએ માહિતી આપતા કહ્યું હતું કે, એકાએક બ્લાસ્ટ થયો હતો અને ચારેબાજુ ધુમાડ ધુમાડા જોવા મળ્ય ા હતા. એક અન્ય સાક્ષીએ કહ્યું હતું કે, બ્લાસ્ટ બાદ લોકોમાં વ્યાપક દહેશત જોવા મળી હતી. કેટલાક લોકો ઘાયલ અવસ્થામાં નજરે પડ્યા હતા. કેટલાક લોકોને પોતાની દુકાનો બંધ રાખવા માટે પણ કહેવામાં આવ્યું હતું. ઈમરજન્સી બેઠક બાદ કેટલાક સાવચેતીના પગલા લેવામાં આવી રહ્યા છે. સમગ્ર સ્ટેશન પર ઉંડી તપાસ કરાઈ હતી. એક કન્ટેનર મારફતે બ્લાસ્ટ કરાયા હોવાના અહેવાલને પ્રાથમિકરીતે સમર્થન મળ્યું છે. બ્રિટનમાં કરાયેલા હુમલાની વિશ્વભરમાં વ્યાપક ટિકા થઈ રહી છે.

### ભીષણ ગોળીબાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. પાકિસ્તાની ગોળીબારમાં શહીદ થયેલા બીએસએફના જવાનની ઓળખ કરી લેવામાં આવી છે. અરનિયા વિસ્તારમાં આ બનાવ બન્યો હતો. મિડિયા હેવાલમાં કહેવામાં આવ્યુ છે કે ગોળીબારમાં એક અન્ય વ્યક્તિને ઈજા થઈ હતી. પાકિસ્તાન દ્વારા અંકુશ રેખા પર સતત યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કરવામાં આવે છે. એક રિપોર્ટ મુજબ પાકિસ્તાનના ગોળીબારમાં આ વર્ષે હજુ સુધી ૫૨ જવાન શહીદ થઈ ગયા છે. ભારતે પણ પાકિસ્તાની કાર્યવાહીનો જડબાતોડ જવાબ આપ્યો છે. જવાબી કાર્યવાહીમાં અનેક પાકિસ્તાની ચોકીઓને ફુંકી મારવામાં આવી છે. જો કે પાકિસ્તાન હજુ પણ સુધરવાનુ નામ લેતુ નથી. નિષ્ણાંતો માને છે કે આ ગોળીબારનો હેતુ ભારતમાં ત્રાસવાદીઓને ઘુસાડી દેવાનો રહ્યો છે. ખીણમાં સ્થાનિક ત્રાસવાદીઓનો હવે સફાયો થઈ રહ્યો છે. જેથી પાકિસ્તાન વધુ ત્રાસવાદીઓ મોકલવાની ફિરાકમાં છે.

### લિન્ક કરાશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હિસ્સા તરીકે છે કે કેમ. આવી સ્થિતિમાં આધારને ડ્રાઈવરોના લાયસન્સ સાથે લિંક કરવાની બાબત ભલે સરકારના એજન્ડામાં છે પરંતુ આને લઈને આ નિર્ણય લેવાનો બાકી છે કે, શું આ એવી ચીજ છે જેને જરૂરીરીતે ગણવામાં આવે. ડિજિટલ હરિયાણા સમિટ ૨૦૧૭ કાર્યક્રમમાં ભાગ લેતા રવિશંકર પ્રસાદે કહ્યું હતું કે, અમે ડ્રાઈવિંગ લાયસન્સને આધાર સાથે લિંક કરવાની યોજના બનાવી રહ્યા છે. આ સંદર્ભમાં કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરી સાથે વાતચીત થઈ ચુકી છે. ડિજિટલ ઓળકની મદદથી વ્યક્તિની વાસ્તવિક ઓળખ નક્કી થઈ શકશે. મની લોન્ડરિંગને રોકવા માટે પેન કાર્ડને આધાર કાર્ડ સાથે લિંક કરવાનો નિર્ણય અગાઉ કરવામાં આવ્યો હતો.

### ઘાતક હથિયારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મિસાઈલોનું પરીક્ષણ કરી રહ્યું છે. જે પૈકી એક ૧૦૦૦૦ કિલોમીટરની ક્ષમતા ધરાવનાર કેએન-૧૪ અને બીજી ૧૧૫૦૦ કિલોમીટરની ક્ષમતા ધરાવનાર કેએન-૦૮ મિસાઈલ છે. ઉત્તર કોરિયાએ ત્રીજી સપ્ટેમ્બરના દિવસે પરમાણુ પરીક્ષણ કરીને પોતાની શક્તિનો પરિચય આપ્યો હતો. ઉત્તર કોરિયાના દાવા મુજબ તે વર્ષ ૨૦૦૬થી હજુ સુધી કુલ છ પરમાણુ પરીક્ષણ કરી ચુક્યું છે. ત્રીજી સપ્ટેમ્બરના દિવસે હાઈડ્રોજન બોંબના પરીક્ષણથી ૬.૩ની તીવ્રતા સાથે ભૂકંપ આવ્યો હતો. આ બોંબ ફાટવાના કારણે ૧૦૦થી ૩૭૦ કિલો ટન વચ્ચે ઉર્જા સર્જવાનાની શંકા દર્શાવવામાં આવી છે. આ બોંબ વર્ષ ૧૯૪૫માં હિરોસીમા ઉપર ઝીંકવામાં આવેલા પરમાણુ બોંબ કરતા પણ છ ગણી વધુ શક્તિ ધરાવે છે. ઉત્તર કોરિયાએ ૧૯૮૦ના દશકથી જ પોતાના પરમાણુ કાર્યક્રમ ઉપર કામગીરી શરૂ કરી હતી. આટલું જ નહીં. ઉત્તર કોરિયાના સંરક્ષણ બજેટને લઈને કોઈ માહિતી મળી નથી પરંતુ ઉત્તર કોરિયાની સેનાને દુનિયાની ટોપ સેનાઓમાં ગણવામાં આવી શકે છે. ઉત્તર કોરિયાની સેનામાં આશરે ૧૨ લાખ સૈનિકો છે. તેની પાસે પા ૪૨૦૦ ટેન્ક છે. ૪૧૦૦ બુલેટપ્રુફ અને હથિયાર સાથે સજ્જ વાહનો છે. ૪૩૦૦ તોપ છે. અમેરિકાના અંદાજ મુજબ ઉત્તર કોરિયા છેલ્લા એક દશકથી પોતાના કુલ જીડીપીના એક ચતુર્થાંસ હિસ્સાને સેના ઉપર ખર્ચ કરે છે. ઉત્તર કોરિયાના હવાઈ દળમાં ૪૫૮ યુદ્ધ વિમાનો છે.